દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

GUJGUJ/12510/06/1/2008-TC

# ભટ્ટમેવાડા વર્તમાન



તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

Gandhinagar Monthly

■ વર્ષ : ૧ ■ અંક : ૭ ■ તા.૧૫-૦૫-૨૦૦૯ ■ બુધવાર ■ પાના - ૪ ■ કિંમત : રૂા.૫-૦૦ ■ લવાજમ : રૂા. ૫૦/-

રજીસ્ટર્ડ કાર્યાલય : ''સુકૃતિ'', પ્લોટ નં. ૬૮/૧, સેકટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત)

# કારકિર્દી કેવી રીતે નક્કી કરશો ?

## જીવનમાં સફળ થવા માટે બે બાબત ખૂબ જ અગત્યની છે (૧) ક્વૉલીટીવાળું કામ, (૨) ક્વૉન્ટીટીમાં કામ

તમે સમાજમાં અનેક એવા લોકોને જોતા હશો કે જેને જોતાં જ તમને સુસ્તી ચડવા લાગે. ઢીલી ચાલ, મંદ અવાજ, નિસ્તેજ ચહેરો... માત્ર જીવવા ખાતર જ જીવતા હોય અને જીવન નામનો બોજ ઊંચકીને ચાલતા હોય તેવુ લાગે.

એ લોકોનું જીવન કેમ એવું હોય છે ? એ શા માટે ઢીલા હોય છે ? શા માટે નિસ્તેજ હોય છે ? ક્યારેય પ્રશ્ન થયો છે કે કેમ એ લોકો થાકેલા-કંટાળેલા લાગે છે ?

એ એવા લોકો છે કે જેમણે જીવનના સૌથી વધુ મહત્ત્વનો કહેવાય તેવો એક નિર્ણય ખોટો લીધો છે. આ નિર્ણય છે કારકિર્દીની સાચી પસંદગી. કારકિર્દી નક્કી કરતા પહેલા તમારી જાતને ત્રણ સવાલ પૂછો.

૧.) મને કયા પ્રકારનું કામ કરવું ગમે છે ?

૨.) મારામાં કઈ વિશેષતા છે ?

૩.) મને કયો વિષય પસંદ છે ?

આ ત્રણ પ્રશ્નોનો જે જવાબ મળે તે તમને કારકિર્દીની સાચી દિશા બતાવશે. સમાજમાં હજારો જરૂરિયાતો હોય છે. એનું લીસ્ટ બનાવો અને પછી તમારી વિશિષ્ટતાઓ ચકાસો. તમારી કઈ વિશિષ્ટતાથી તમે સમાજની કઈ જરૂરિયાત સંતોષી શકો છો તે નક્કી કરો અને પછી એ કારકિર્દીમાં આગળ વધશો તો જીવનમાં ક્યારેય હાર્ડવર્ક કરતા હો તેવું નહીં લાગે.

બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, જો તમે તમારા શોખને વ્યવસાયમાં બદલી શકતા હો તો તે સૌથી શ્રેષ્ઠ બાબત છે. જીવનમાં સફળ થવા માટે બે બાબત ખૂબ જ અગત્યની છે. (૧) ક્વોલીટીવાળુ કામ, (૨) ક્વોન્ટીટીમાં કામ.

જો તમે શોખને વ્યવસાયમાં બદલશો તો તમારું કામ શ્રેષ્ઠ ક્વોલીટીનું જ હશે અને ક્વોન્ટીટીમાં કામ કતા છતાં તમે થાકશો નહીં, કંટાળશો નહીં અને માટે ખૂબ જ સફળ થશો. સાથે સાથે તમારી આંતરિક બાબતો જેવી કે તમારું વ્યક્તિત્વ, પ્રાથમિકતા, સિદ્ધાંતો વગેરેનું પૃથ્થકરણ પણ જરૂરી છે.

આજની માંગ શું અને આવતીકાલની માંગ શું હોઈ શકે તેના પર દૃષ્ટિ રાખતા રહેશો તો એ પણ તમારી કારકિર્દી નક્કી કરવામાં સહાયભૂત થશે અને એનાથી પણ મહત્ત્વની વાત એ છે કે તમારામાં નવી માંગ ઊભી કરવાની તાકાત ડેવલપ કરો. લોકોને ખબર હોય કે ન હોય પણ જો તમને એ વાતનો આત્મવિશ્વાસ હોય કે હું જે કારકિર્દી પસંદ કરવા ધારું છું તેની માંગ હું ઊભી

### ટકાવારીની ડબ્બીમાં દુનિયાની બધી જ સફળતા સમાઈ જતી નથી

કરીને જ રહીશ તો તમારી સફળતાના ચાન્સીસ ખૂબ જ વધી જશે. દરેક વ્યક્તિએ પોતાનો રસ્તો જાતે જ નક્કી કરવાનો છે, જે માટે હિંમતથી કામ લેવાનું છે. મહાત્મા ગાંધીને વિશ્વ તેમની શક્તિ-કાર્ય-શ્રદ્ધાને સલામ કરે છે અને વર્ષો સુધી કરશે.

ટકાવારીની ડબ્બીમાં દુનિયાની બધી જ સફળતા સમાઈ જતી નથી. સફળ અભિનેતા, ગાયક, નૃત્યકાર, મોડેલ, ટી.વી. કલાકાર, ગીતકાર, રમતવીર, ઉદ્યોગપતિ, ડીઝાઈનર, સમાજસેવક, સૈનિક, નાટ્યકાર, વહીવટદાર, પત્રકાર, વૈજ્ઞાનિક, શિક્ષક, એડવર્ટાઈઝર, કાયદાશાસ્ત્રી, મેનેજર, ઓફિસર, જાસૂસ, ચિત્રકાર, શિલ્પકાર વગેરે બનવા માટે ધોરણ-૧૨ની ટકાવારી હોય કે ન હોય માત્ર જરૂર છે સાચી દિશામાં મહેનત.

(૧) ધોરણ-૧૨ના પરિણામ પછી જેમાં પ્રવેશ મળવાની શક્યતા હોય તેવા તમામ અરજીપત્રો ભરવા. જેથી વિચારવા માટે સમય મળે તથા દરેક તક ખુલ્લી રહે.

(૨) દૂર ભણવા જવામાં ડરશો નહીં.

(૩) ખાનગી કોમ્પ્યુટર કે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વર્ગો કે જે મોટા નામવાળી સંસથાઓ (કે તે ભારતની યુનિ. સાથે જોડાયેલ ન હોય) હોય છે તેમાં જોડાતા પહેલા ૧૦૦ વાર વિચાર કરજો.

(૪) જે સંસ્થામાં પ્રવેશ મેળવો તે સરકારી માન્યતા પ્રાપ્ત છે કે કેમ તે માહિતી ખાસ જાણી લેવી.

(૫) ડૉક્ટર, ઈજનેર આ બે જ ઉચ્ચ કારકિર્દી નથી. આ સિવાય અનેક પ્રકારની કારકિર્દી આજના જમાનામાં ઉપલબ્ધ છે. જેમાં ડોકટર તથા ઈજનેર કરતા પણ વધારે 'માતબર' કમાણી થઈ શકે છે.

(૬) તજજ્ઞોની તથા વાલીની મદદથી કારકિર્દીની પસંદગી ગંભીરતાથી ચર્ચા વિચારણા કરીને નક્કી કરવી, પણ નિર્ણય જાતે કરવો.

(૭) કોઈ કારકિર્દી નકામી નથી. ફક્ત તમારો અભિગમ, તમારી મહેનત કરવાની ધગશ અને તમારામાં રહેલી શક્તિઓ જ તમને યશ અપાવી શકે છે.

(૮) તમે જે કારકિર્દી પસંદ કરો તે પછી રોજગારની તક કેવી છે, ભવિષ્ય કેવું રહેશે તે પણ વિચારવું જરૂરી છે.

(૯) મિત્રો કે બહેનપણી અમુક અભ્યાસ પસંદ કરે છે માટે આપણે પણ તેમજ કરવું તે અભિગમ છોડી દેજો. તે જ રીતે કોઈના દબાણમાં આવીને ખોટા નિર્ણય પણ ન લેવા.

(૧૦) જે સંસ્થામાં પ્રવેશ મેળવવા ઈચ્છો છો ત્યાં સાધન-સગવડ કેવા છે ? અભ્યાસ દરમ્યાન થનાર ખર્ચ, તમારી મહેનત કરવાની લગન-ક્ષમતા વગેરે પાસાને પણ ધ્યાનમાં લેવા.

(૧૧) જે કારકિર્દી પસંદ કરો તે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા તે શાખાના વિદ્યાર્થીને મળીને અથવા તે પ્રોફેસરને મળીને આ તમામ બાબતોનું માર્ગદર્શન મેળવજો. કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા ભરતી થાય છે કે નહિ તેની પણ તપાસ ચોક્કસ કરવી.

(૧૨) અભ્યાસની સાથે જ તમારા વ્યક્તિત્વનો વિકાર કરતા રહો. ભવિષ્યમાં આવનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અભ્યાસ સાથે જ કરતા રહો. ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ પછી થતી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય છે.

સામાન્ય રીતે રસ-રૂચિ પ્રમાણે અભ્યાસક્રમની પસંદગી કરવી જરૂરી છે, પરંતુ જ્યાં તમને આ બાબતો જ માત્ર ઉપયોગી ન લાગે ત્યાં જાતે જે તે માહિતી રૂબરૂ મળીને કે અન્ય માધ્યમોમાંથી મેળવીને આગળ વધવું જરૂરી છે.

સફળતાની ચાવી : (૧) જ્ઞાન-અભ્યાસ (૨) સ્વપ્નશીલતા (૩) પ્રશિક્ષણ (૪) શક્તિ (૫) આત્મવિશ્વાસ (૬) એકાગ્રતા (૭) સમર્પિતતા

સમગ્ર જીવન માટે જરૂરી સારા સ્વાસ્થ્ય અને સુટેવો વિકસાવવા પ્રયત્નો કરવા.

કોલેજકાળ દરમ્યાન સુટેવો કેમ વિકસાવવી તેનો ખ્યાલ રાખવાનો રહે છે. આ સમય એવો છે કે વિદ્યાર્થી તેની કોલેજના સહાધ્યાયી સાથે કોન્ટેક્ટમાં આવીને અનેક ટેવો અને કુટેવોનો ભોગ બનતો હોય છે. આજના યુવા વિદ્યાર્થીઓમાં વ્યસનો ખાસ કરીને જોવામાં આવે છે. પરંતુ વ્યસનો જેવી કુટેવો છોડીને સુટેવો કેવી રીતે વિકસાવવી તેને જીવનપર્યંત કેવી રીતે જાળવવી તેમજ તે ક્યાં-ક્યાં ઉપયોગમાં આવે છે તે જાણવું ખૂબ જ મહત્ત્વનું છે.

**સફળ અભિનેતા, ગાયક, નૃત્યકાર, મોડેલ, ટી.વી. કલાકાર, ગીતકાર, રમતવીર, ઉદ્યોગપતિ, ડીઝાઈનર, સમાજસેવક, સૈનિક, નાટ્યકાર, વહીવટદાર, પત્રકાર, વૈજ્ઞાનિક, શિક્ષક, એડવર્ટાઈઝર, કાયદાશાસ્ત્રી, મેનેજર, ઓફિસર, જાસૂસ, ચિત્રકાર, શિલ્પકાર વગેરે બનવા માટે ધોરણ-૧૨ની ટકાવારી હોય કે ન હોય માત્ર જરૂર છે સાચી દિશામાં મહેનતની**

# તંત્રી સ્થાનેથી....

મેવાડથી ગુજરાતમાં આવી વસેલા ભટ્ટમેવાડા બ્રાહ્મણ પરિવારો પોતપોતાના ગોળ બનાવી નિવાસ કરી રહ્યા છે. જ્ઞાતિજનોની એકતા, પ્રગતિ તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે સૌ જ્ઞાતિજનોને એકબીજાની હૂંફ મળી રહે તે માટે તેમજ જ્ઞાતિજનોની અનેકવિધ સમસ્યાની જાણકારી તથા તેના નિરાકરણ માટે વિવિધ પ્રદેશોમાં જ્ઞાતિ સંગઠનો કાર્યરત છે, જે જ્ઞાતિજનોના ઉત્થાન માટે સતત કાર્યશીલ રહી યથાયોગ્ય યોગદાન આપી રહેલ છે. આમ છતાં કંઈક ખૂટતું હોય તેવો ખ્યાલ સતત આવતો રહ્યો છે. દૂરદૂરના ગામડાઓમાં રહેતા આપણા જ્ઞાતિજનો હજુ પણ સંપર્કવિહોણા છે.

આજે માનવી ચંદ્ર પર જઈ પહોંચ્યો છે. મંગળ ઉપર પદાર્પણ કરવાની તૈયારીમાં છે, ત્યારે દુનિયા સંકોચાતી જાય છે. આજે સંપર્ક માધ્યમોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. દરેક વ્યક્તિ જાણે કે દુનિયા મુટ્ઠીમાં કરી દેવાની દોડમાં છે. આ સેટેલાઈટ યુગમાં આજે પણ પ્રિન્ટ મીડિયાનો પ્રભાવ અકબંધ છે. આ સંજોગોમાં આપણા સંપર્કવિહોણા જ્ઞાતિજનો સુધી પહોંચવા માટે એક સામયિકની અનિવાર્યતા વર્તાતી હતી. જે પૂર્ણ કરવાના પ્રયાસરૂપે ‘‘ભટ્ટમેવાડા વર્તમાન’ માસિક શરૂ કરેલ છે. આશા છે કે આ માસિક પત્ર આપણા સૌનો સંપર્કસેતુ બની રહેશે.

આજકાલ દરેક સંસ્થા પોતાની પ્રોડક્ટ માટે કોઈને કોઈ સંકલ્પમંત્ર રજૂ કરે છે. નોકિયાના નામથી કોણ અજાણ છે ? આજે ઘરદીઠ નોકિયાનો એક તો હેન્ડસેટ હશે જ. નોકિયાનો મંત્ર ખબર છે ? "Connecting People " વિશ્વબંધુત્વની ભાવના ઉજાગર છે. અચ્છા તો મોબાઈલ નેટવર્ક પુરું પાડતી બી.એસ.એન.એલ.નો મંત્ર શું હશે ? "Connecting India" સમગ્ર ભારતને સંપર્કમાં રાખવા માંગે છે. આપણે પણ ભટ્ટમેવાડા સમાજને ‘ભટ્ટમેવાડા વર્તમાન’ દ્વારા સંપર્ક સૂત્રમાં બાંધવા મંત્ર આપીએ : "Connecting Bhatt Mewadas".

## રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો

અમદાવાદ,

અમદાવાદ મેનેજમેન્ટ એસો. ખાતે રાજ્યમાં આવેલા નાના એકમોમાં કયા પ્રકારના માનવ સંશાધનની જરૂર પડનાર છે, તેનો અભ્યાસ થઈ રહ્યો છે અને તેના તારણોને ધ્યાનમાં લઈ નીચલા, મધ્યમ વર્ગના યુવાનો જે ઉચ્ચ અભ્યાસથી વંચિત છે તેમને રોજગારીની તકો મળે તેવા જુદા જુદા કોર્ષનું આયોજન કરવામાં આવેલ છે.

આ માટે સંસ્થામાં યોજાનાર તાલીમ વર્ગોમાં ભાગ લેવા ઈચ્છતા યુવાન ભાઈ-બહેનોએ અમદાવાદ મેનેજમેન્ટ એસો. કોર-એ.એમ.એ. મેનેજમેન્ટ હાઉસ, એ.એમ.એ. કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વસ્ત્રાપુર અમદાવાદનો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# પ્રમુખશ્રીની કલમે....

શ્રી ભટ્ટમેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા સમાજના વિવિધ પ્રશ્નોને વાચા આપવા, વિદ્યાર્થીઓ, વાલીઓ, આર્થિક રીતે નબળા જ્ઞાતિજનો સહિત સૌ કોઈને મદદરૂપ થઈ શકાય તેવા આશયથી અને સમાજનું સંગઠન વધુ મજબૂત, ગતિશીલ, પરિણામલક્ષી અને હેતુલક્ષી બને તેવા આશયથી અમે ‘ભટ્ટમેવાડા વર્તમાન’ નામનું માસિક શરૂ કરેલ છે. જેને સમાજના સૌ ભાઈ-બહેનો, વડીલોનો સાથ સહકાર મળી રહેશે તેવી અપેક્ષા છે.

રાજ્યમાં અન્ય સમાજોનું સંગઠન જેટલું મજબૂત છે તેટલું આપણું સંગઠન નથી તે કડવી વાસ્તવિકતા આપણે સ્વીકારવી જ રહી.

આપણો ભવ્ય ભૂતકાળ અને ઘણા ક્ષેત્રોમાં આગળ પડતા હોવા છતાં સમાજના છેવાડાના જ્ઞાતિબંધુ સુધી પહોંચવામાં આપણે ઉણા ઉતર્યા છીએ. ભૂતકાળની વાતને વિસરી જઈને હવે આપણે આગળ ડગલું માંડવાનું છે અને તેમાં અમે સૌના સાથ-સહકારની અપેક્ષા રાખીએ છીએ.

‘ભટ્ટમેવાડા વર્તમાન’ માસિક શરૂ થતાં હવે આપણા સંપર્કો જીવંત બનશે. સમાજની નાની મોટી બાબતો, પ્રશ્નો વગેરેને વાચા મળશે અને તે થકી આપણું સંગઠન વધુ મજબૂત બનશે એવી આશા છે. આ માટે આપનો વૈચારિક, આર્થિક, સહયોગ મળવાની સાથોસાથ સમાજને આગળ લઈ જવા માટે તથા જ્ઞાતિજનોને મદદરૂપ થવા શું કરવું જોઈએ તે અંગેના સૂચનો પણ આવકાર્ય છે.

સમાજ ઉપયોગી કાર્યો દ્વારા સમાજને મજબૂત બનાવવાના કાર્યમાં સૌ કામે લાગી જશો એવી આશા સાથે....

આપનો
રમેશભાઈ જોશી




## વ્યવસાયિક ક્ષેત્રમાં અગ્રેસર નામાંકિત સંસ્થાઓ

1) National Institute & Design (NID)
2) National Institute Fation Technology (NIFT)
3) Institute A Hotel Management (IHM)
4) Gujarat National Law University (GNLU)
5) Petrolium University
6) Indian Institute of Management (IIM)
7) Indian Institute A Technology (IIT)

## Careers in Arts, Entertainment and Media

- Advertising
- Photography
- Film log
- Radio Jockey
- Music
- Technical Writing
- Dance
- Video Editing
- Video Jockey
- Modeling
- Journalism / Mass Communication

## Careers in Travel, Tourism & Hospitality

- Hotel Industry
- Travel and Tourism

## Careers in Defense & Government Services

- Air Force
- Indian Army
- Civil Service
- Merchant Navy

## Careers in Fashion, Beauty Care & other Lifestyle

- Beauty Care
- Gemology
- Fashion Technology

## Careers in Accounting, Banking, Finance & Insurance

- Company Secretary
- ICWAI
- Insurance
- Statistician
- Securities Analysts

## Careers in Basic & Applied Sciences

- Bioinformatics
- Astronomy
- Floriculture
- Biotechnology
- Forestry/Wildlife
- Fisheries Science
- Oceanography
- Genetic Engineering
- Photonics
- Archaeology

## Careers in Education and Library Science

- Foreign Language
- Librarianship
- Teaching

## Careers in Engineering, Architecture & Designing

- Aeronautical
- Dairy Technology
- Architects
- Engineering
- Industrial Engineering
- Fire Engineering
- Genetic Engineering
- Interior Designing.
- Mechanical Engineering
- Civil Engineering
- Electronics Engineering

## Careers in Health Care, Medicine & Allied Fields

- Ayurveda
- Optometry
- Dentistry
- Pharmacy
- Forensic Science
- Physiotherapy
- Medical Transcription
- Medicine
- Prosthetics & Orthoties
- Nursing
- Medical Lab Technology
- Nutrition & Dietetics
- Occupational Therapy
- Psychiatry
- Psychology
- Radiography
- Veterinary Science

## Careers in Management

- Event Management
- Speech Pathology & Audiology
- Tea Management

## Careers in the IT sector & allied fields

- Call Centers
- Careers in Law & Social Sciences
- Law

## Careers in Aviation Industry

- Airhostess / Pursers
- Aeronautical
- Commercial Pilot

## Careers in Sales & Marketing

- Public Relations

## Tests - Study Abroad

Tests required for higher studies abroad.

- IQEFL
- SAJ
- GMAT
- IELTS
- QRE

Tests - Study in India.
Tests required for higher studies in India.

- BITSAT
- AIEEE
- IJJEE
- PMI

BITSAT is a computer-based online entrance test for the Birla Institute of Technology and Science (BITS)

AIEEE is a national level entrance test for admission to Engineering, and Architecture and Planning degree courses offered by various engineering colleges and institutes the country.

The exam is conducted by Central Board of Secondary Education (CBSE), and Department of Secondary and Higher Education, Ministry of Human Resource Development (MHRD) in compliance with the directives of the Government of India. Almost 6,00,000 candidates take this exam every year.

The Indian Institute of Technology (IIT) conducts a Joint Entrance Examination (JEE) every year for admission to its B-Tech and other courses offered at the IIT Mumbai, IIT Kanpur, IIT Delhi, IIT Chennai, IIT Kharakpur, IIT Guwahati, and IIT Roorkee. Apart from IIT, Institute of Technology- Banaras Hindu University, Varanasi, and ISM Dhanbad, also consider JEE test scores for their admission process. The number of seats available in total is about 5500 for which 3, 00,000 candidates sit every year.

CBSE conducts All India Pre-Medical/Pre Dental Entrance Examination (AIPMT) to select candidates for 15% merit positions in medical and dental colleges all over India, according to the directives of the Supreme Court. It follows rules and regulations specified by GOI's Ministry of Health and Family Welfare.

ઉપર જણાવેલ વિવિધ ક્ષેત્રોમાંથી આપણને પસંદ પડતા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી છે તથા હું હંમેશા અગ્રેસર રહીશ તેવું દ્રઢપણે મનમાં નક્કી કરવું. આપણે પસંદ કરેલા ક્ષેત્રમાં કેટલી કોલેજ, તેના પ્રવેશ અંગેની માહિતી, પ્રવેશ માટેની જરૂરી લાયકાત, અભ્યાસ પૂર્ણ કર્યા બાદ મળનારી તક તથા કામગીરી માટેનો વિસ્તાર અને કામગીરીના પ્રકાર અંગેની સંપૂર્ણ માહિતી જાણકારો તથા ઈન્ટરનેટના માધ્યમથી મેળવવી. આપણી રૂચિ મુજબ આપણને કામગીરી કરવા મળે તો આપણે સદાય અગ્રેસર રહીએ. આથી આપણી રૂચિ વિશે પ્રથમ સંપૂર્ણ સ્વસ્થતાથી અને પૂરતો સમય આપીને નક્કી કરો. સફળ કારકિર્દી માટે આપણા મનગમતા ક્ષેત્રમાં પ્રવેશ મેળવી સદા અગ્રેસર રહીએ તો સફળતા આપણી પાછળ આવી સદાય આપણી સાથે રહેશે. કારકિર્દી માટે કયુ ક્ષેત્ર અનુકુળ છે તે નક્કી કરવા માટે સાયકોલોજી વિભાગના નિષ્ણાતોએ એક કસોટી વિકસાવેલ છે. જે આપણી આસપાસની યુનિવર્સિટી કે કોલેજના સાયકોલોજી વિભાગના અધ્યાપકનો સંપર્ક કરતા જાણી શકાશે. ઉપરાંત ઈન્ટરનેટની **www. assessment.com** વેબસાઈટ ઉપર પણ ઓનલાઈન ટેસ્ટ આપવાથી વિદ્યાર્થીઓની મનોસ્થિતિ અને રૂચિ જાણી શકાશે તથા વિદ્યાર્થીની વિચારસરણી મુજબ કારકિર્દી માટેનું સાનુકુળ ક્ષેત્ર નક્કી કરી શકાશે અને ઉજ્જવળ કારકિર્દી ઘડી શકાશે. માટે જ કહ્યું છે કે 'પરમ વિજય એને માટે છે જે સૌથી વધુ સહન કરે છે' તથા દ્રઢ ઈચ્છાશક્તિ વડે ગમે તેવું કપરું કાર્ય સિદ્ધ થઈ શકે છે.

## ખંભાત ખાતે શ્રી એકલિંગેશ્વર મંદિરનો જિર્ણોદ્ધાર

આણંદ જિલ્લાના ખંભાત નગરમાં પૌરાણિક એકલિંગેશ્વર મહાદેવનું મંદિર જીર્ણ હાલતમાં હતું. આ મંદિરનો જિર્ણોદ્ધાર કરવાનો શુભ સંકલ્પ સ્વ.ભાનુમતીબેન રામકૃષ્ણ મહેતાએ કર્યો હતો. આ સંકલ્પ પરિપૂર્ણ કરી મંદિરનો જિર્ણોદ્ધાર કરી જીર્ણ પિન્ડીકાનું વિસર્જન કરી નૂતન પિન્ડીકાની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી રામકૃષ્ણ શિવશંકર મહેતા પરિવાર દ્વારા તા.૬-૫-૨૦૦૯ના રોજ યોજવામાં આવ્યો હતો.

## ભટ્ટમેવાડા બ્રહ્મભવનનો ઉદ્ઘાટન સમારોહ

ભટ્ટમેવાડા બ્રહ્મસમાજ દેશોત્તર દ્વારા નવનિર્મિત બ્રહ્મભવનનો ઉદ્ઘાટન સમારંભ યોજવામાં આવશે. તા.૧૪-૫-૦૯ના રોજ બ્રહ્મભવનનો પ્રવેશોત્સવ તથા સુંદરકાંડના પાઠ, તા.૧૫-૫-૦૯ના રોજ સવારે ૮ થી ૧ વાગ્યા સુધી વાસ્તુપૂજન તથા પાઠાત્મક લઘુરુદ્ર ઈડર તાલુકાના દેશોત્તર મુકામે બ્રહ્મભવન, વાવ પાસે યોજાશે.

આ દિવસે ૬૫ વર્ષથી મોટી ઉંમરના વડીલોનું સન્માન તથા દાતાશ્રીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ પણ સાંજે ૩-૩૦ થી ૫-૩૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે.

આ સમારંભમાં ઉદ્ઘાટક તરીકે શ્રી રમેશભાઈ જોષી, સમારંભના પ્રમુખ તરીકે શ્રી દિનેશભાઈ વ્યાસ, મુખ્ય અતિથિ વિશેષ સુરેશભાઈ ગોર તથા અતિથિ વિશેષપદે મનોજભાઈ જોષી ઉપસ્થિત રહેશે.

## અવસાન નોંધ

ગાંધીનગર ભટ્ટમેવાડા બ્રહ્મસમાજના કોષાધ્યક્ષ અને 'ભટ્ટમેવાડા વર્તમાન'ના તંત્રી શ્રી અશોકકુમાર કૃષ્ણલાલ મહેતાના માતુશ્રી ગં.સ્વ. પુષ્પાવતીબેન તા.૮-૫-૦૯ના રોજ કૈલાસવાસી થયા છે. શ્રી એકલિંગેશ્વર મહાદેવ પુષ્પાબાના આત્માને ચિર શાંતિ અર્પે એવી અભ્યર્થના.

# વાલીએ અને વિદ્યાર્થીએ ખૂબ જ અગત્યનો અને ભવિષ્યનો સ્પર્શતો નિર્ણય કરવાનો થાય છે કે હવે આગળ શું કરવું?

## કઇ લાઇનમાં જવું ? ઉચ્ચ કારકિર્દી કયા ક્ષેત્રમાં બનશે ? નોકરીની તકો કયા ક્ષેત્રમાં હાલમાં વધારે છે અને ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં વધશે ? આ અંગે શું ખર્ચ થશે ?

મિત્રો,

ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પૂરી થયેલ છે અને સ્નાતક, અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ પૂર્ણ થવામાં છે. આ તબક્કે વાલીએ અને વિદ્યાર્થીએ ખૂબ જ અગત્યનો અને ભવિષ્યનો સ્પર્શતો નિર્ણય કરવાનો થાય છે કે હવે આગળ શું કરવું ? કઇ લાઇનમાં જવું ? ઉચ્ચ કારકિર્દી કયા ક્ષેત્રમાં બનશે ? નોકરીની તકો કયા ક્ષેત્રમાં હાલમાં વધારે છે અને ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં વધશે ? આ અંગે શું ખર્ચ થશે ? નક્કી કરેલ લાઇનના અભ્યાસક્રમો ક્યાં ચાલે વગેરે વગેરે...

શ્રી ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજે આ દિશામાં કામગીરી કરવાનું નક્કી કરેલ છે અને ગત વર્ષે કારકિર્દી ઘડતર સેમિનારનું ગાંધીનગર ખાતે આયોજન કરેલ. જેમાં સમાજના આ ક્ષેત્રે કામ કરતા આગેવાનો તથા બહારના આ ક્ષેત્રમાં સંકળાયેલા નિષ્ણાતોને બોલાવવામાં આવેલ હતા. આ દિશામાં વધુ કામ થાય અને સમાજના તમામ ભાઇ-બહેનો આનો લાભ લઇ શકે તે હેતુથી થોડીક વિગતો આપી છે.

ગુજરાત ઔદ્યોગિક રીતે આગળ પડતું રાજ્ય છે. એટલે રાજ્યમાં રોજગારીની તકો છે તેમાં વધારો પણ થશે પણ કયા ક્ષેત્રમાં તકો વધવાની સંભાવના છે તે જોઇએ તો બાંધકામ અને રીયલ એસ્ટેટ, પાવર અને એનર્જી, ઓટોમોબાઇલ, આઇ.ટી., કેમિકલ-ઓઇલ અને ગેસ, ટેલિકોમ, કેપીટલ ગુડ્સ, પત્રકારત્વ, મેનેજમેન્ટ (એમબીએ), લીગલ ક્ષેત્ર, બાયોટેકનોલોજી, બેકીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાવેલ ઇન્ડસ્ટ્રી, હોટલ મેનેજમેન્ટ, આઇ.ટી.

હાલમાં વૈશ્વિક મંદીનો માહોલ છે. આ મંદી દૂર થતાં સમય લાગશે તેમ છતાં નાસ્કોમના એક સર્વે મુજબ આ ક્ષેત્રનો વિકાસ ૨૩ ટકાના દરે વધવાની સંભાવના છે અને આગામી વર્ષોમાં અંદાજે અઢી લાખ જેટલા સ્કીલ્ડ મેનપાવરની જરૂર ઊભી થવાની સંભાવના છે. બાંધકામ, માળખાકીય સવલતો અને રીઅલ એસ્ટેટ અંગે એક વૈશ્વિક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જે મુજબ સિવિલ એન્જિનિયરોની અને આર્કિટેક્ટની ખૂબ જ મોટી માંગ રહેવાની છે. ગુજરાતમાં પણ માળખાકીય સવલતો ઊભી કરવા માટે આવનાર મૂડીરોકાણને ધ્યાનમાં રાખીએ તો આ ક્ષેત્રમાં ખૂબ જ ઉજળી તકો રહેલી છે. ૧૧મી પંચવર્ષીય યોજના મુજબ માળખાકીય સવલતો માટે ૪૯૪ બીલીયન ડોલરના રોકાણની જરૂર રહેશે. જેમાંથી ૪૦ ટકા જેટલી ખાનગી ક્ષેત્રમાંથી આવશે.

ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી : ભારતના ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીની માર્કેટ સાઇઝ વાર્ષિક ૩૪ બિલિયન ડોલરની છે. આ ઇન્ડસ્ટ્રીઝમાં અંદાજે ૧૫ લાખ વાહનોનું ઉત્પાદન થાય છે અને અંદાજે બે કરોડ ૩૦ લાખ લોકોને રોજગારી મળે છે. સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચર્સના અંદાજ મુજબ કારનું માર્કેટ ૨.૨ મીલીયન યુનિટે ૨૦૧૫ સુધીમાં પહોંચવાની સંભાવના છે. ગુજરાતમાં નેનો કારનો પ્લાન્ટ આવવાથી પણ આ ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકો ઊભી થવાની સંભાવના છે.

જુદા જુદા ક્ષેત્રોમાં, વિદ્યાશાખાઓમાં ભણીને કયા ક્ષેત્રે કારકિર્દી બનાવી શકાય તેની વિગતો પણ છે જે મુજબ વિદ્યાર્થીઓ પોતાના શોખ, ઇચ્છા અને રૂચિ મુજબ પસંદગી કરી શકે છે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી કારકિર્દી ઘડતર માટે વિપુલ તકો છે અને તેનું સાહિત્ય પણ ઉપલબ્ધ છે. આ અંગે જે કોઇ સમાજના ભાઇ-બહેનોને જરૂર તો તેઓએ તંત્રીશ્રી, ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી કે કારોબારી સભ્યોનો સંપર્ક કરવાનો રહેશે તો ગાંધીનગર સમાજ તરફથી આ અંગેની વ્યવસ્થા કરવામાં આવશે.

ભટ્ટમેવાડા સમાજ આખા રાજ્યમાં પથરાયેલો છે. ઘણા બધા સ્થળોએ સ્થાનિક ધોરણે વિવિધ પ્રવૃત્તિઓ પણ થાય છે. મે અને જૂન મહિનો એ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેનો સમયગાળો હોઇ સમાજના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી ગાંધીનગર સમાજે આ અંગે પહેલ કરી છે. આશા છે કે તે સમાજ ઘડતરમાં ઉપયોગી થશે. આગામી અંકમાં વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી, ખાનગી ટ્રસ્ટો તરફથી અપાતી શિષ્યવૃત્તિની વિગતો આપવામાં આવશે.

# વડીલો-પેન્શનરોને મળતા લાભો

■ જીતેન્દ્ર પુરોહિત દ્વારા

*૧-૧-૨૦૦૬થી પેન્શનરોને લાભ મળશે. ઓછામાં ઓછુ રૂા.૩૫૦૦ અને વધુમાં વધુ રૂા.૪૦,૦૦૦. બેઝીક પગારના ૫૦ ટકા પેન્શન મળશે. નિવૃત્ત થયા બાદ જે પેન્શન નક્કી કરેલ હોય તેને ૨-૨૬ ગુણવા. જે આવે તે ૧-૧-૨૦૦૬ પેન્શન.*

*૧-૪-૨૦૦૯થી નવુ પેન્શન મળશે. ૧-૧-૨૦૦૬થી ૩૧-૩-૨૦૦૯ સુધી ૩૯ માસના ગઝા પાંચ હક્ક મળશે. પહેલો હક્ક તા.૩૦-૬-૨૦૦૯ સુધીમાં બેન્કમાં જમા થશે.*

*કેન્દ્ર સરકારે તા.૧-૧-૨૦૦૯થી ૨૨ ટકા મોંઘવારી જાહેર કરી છે. રાજ્ય સરકારે જાહેર કરી નથી. જેથી નવા પેન્શન ઉપર ૧૬ ટકા મોંઘવારી મળશે.*

*૮૦ વર્ષ ઉપરના પેન્શનરોને ૨૦ ટકા*
*૮૫ વર્ષ ઉપરના પેન્શનરોને ૩૦ ટકા*
*૯૦ વર્ષ ઉપરના પેન્શનરોને ૪૦ ટકા*
*૯૫ વર્ષ ઉપરના પેન્શનરોને ૫૦ ટકા*
*૧૦૦ વર્ષ ઉપરનાને ડબલ પેન્શન મળશે.*

*વધારાના પેન્શન ઉપર મોંઘવારી પણ મળશે. પેન્શનરોએ પેન્શન જગત માસિક મંગાવવું જેથી તેમાં વિગતો મળતી રહેશે. ફેમિલી પેન્શનમાં વધુ ઉંમર ધરાવનારને વધુ પેન્શન મળશે.*

*ઉંમર પી.પી.ઓ. બુકના નોમીનેશન તેમજ ચૂંટણીકાર્ડ, એફીડેવીટ ઉપર નક્કી થશે. તે જિલ્લા તિજોરી અધિકારી આ અંગેનો નિર્ણય લેશે. પેન્શનરોએ બેન્કમાં જોઇન્ટ ખાતુ ખોલાવવું. સીંગલ ખાતુ હોય તો જોઇન્ટ ખાતુ કરવું. પેન્શનરોએ દરરોજ બે કલાક ભગવાનની સેવા અને બે કલાક સમાજસેવા, ચાર કલાક આરામ, બે કલાક વ્યાયામ-કસરત તેમજ ઘરના બાળકો સાથે ગાળવા. પેન્શન અંગે મુશ્કેલી પેદા થાય તો આપણા સમાજના આગેવાનો ચોક્કસ માર્ગદર્શન આપશે.*

■ પેન્શનર/કુટુંબ પેન્શનર ભાઇ-બહેનોએ હયાતી અંગેનો દાખલો દર વર્ષે જુલાઇ-ઓગસ્ટ માસમાં સંબંધિત બેન્કમાં ફોર્મ ભરીને આપવાના રહેશે. અન્યથા સપ્ટેમ્બર માસથી પેન્શન અટકાવવામાં આવશે.

■ નોમીનેશન વારસાઇનું અત્યેષ્ઠીનું ફોર્મ તેમજ ઓળખપત્ર (આઇકાર્ડ) ભરી ટ્રેઝરી ઓફિસમાં સહી-સિક્કા કરાવી પોતાની પાસે રાખવું. આઇકાર્ડ ઘણું જ ઉપયોગી છે.

■ તા.૧-૧-૯૬થી નિવૃત્ત થનાર કર્મચારીને ૩૩ વર્ષની નોકરીએ ૫૦ ટકા મુજબ પેન્શન અને ૩૦ ટકા મુજબ કુટુંબ પેન્શન મળવાપાત્ર છે, લઘુત્તમ કુટુંબ પેન્શન રૂા.૧૨૭૫ કરવામાં આવેલ છે.

■ (રૂપાંતરિત પેન્શન) કોમ્યુટેશનની કપાત માસિક રકમ ૧૫ વર્ષ સુધી કર્યા બાદ પુનઃસ્થાપન તારીખ આવે, પરંતુ રિવાઇઢજ કોમ્પ્યુટેશનની રકમની કપાત રકમની તારીખથી ૧૫ વર્ષ ગણાય.

■ પેન્શનપોથી ભરવી. પેન્શન અંગેના જરૂરી કાગળો જેમ કે,- પી.પી.ઓ.ની અસલ નકલ, લાસ્ટ પે સર્ટી, વારસાઇનું ફોર્મ વગેરેની એક ફાઇલ રાખવી.

■ પેન્શન અંગેની જરૂરી માહિતી અને માર્ગદર્શનની જાણકારી મેળવવા 'પેન્શનર જગત' માસિકનું લવાજમ ભરવું જોઇએ.

■ અંત્યેષ્ઠી વિધિ માટે નિવૃત્ત પેન્શનરના મૃત્યુ બાદ તેમને જે તે દિવસે પેન્શનની રકમ મળતી હોય (મેડીકલ એલાયન્સ સિવાય) તેટલી રકમ અંત્યેષ્ઠિક ક્રિયા કરવા સારું તેના વારસદારને મળવાપાત્ર થાય છે. (કુટુંબ પેન્શન મેળવનારને અંત્યેષ્ઠિકની રકમ મળવાપાત્ર નથી.)

■ જે-તે પેન્શનરોને વાર્ષિક આવક રૂા.૫૦,૦૦૦ સુધી કરપાત્ર નથી તેથી આવકવેરો ભરવાનો રહેશે નહીં.

■ કુટુંબ પેન્શનરે રાષ્ટ્રીય કૃત બેન્કમાં પોતાનું નામ નોમીનેશન કરાવી બેન્કની પાસબુકમાં નોંધ કરાવવી.

**'ભટ્ટમેવાડા વર્તમાન' સામયિકમાં આપના મંતવ્યો, લેખો, સમાજોપયોગી સૂચનો, જાહેરાતો, લવાજમ વગેરે આપવા સંપર્ક કરો.**

**(મો) 98244 59694**

*આજે જ આપનું લવાજમ બુક કરાવો.*

**ફક્ત રૂા.૫૦/-**

"સુકૃતિ"
પ્લોટ નં.૬૮/૧,
સેકટર-૩-એ (ન્યુ)

**જિ.ગાંધીનગર**

**Owner, Printer, Publisher & Editor** Ashokkumar Krishnalal Mehta, **Printed :** Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar
**Published** : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhinagar (GUJARAT) 382 006